ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો પ્રથમ કેસ

દહેગામ શહેરનો રહેવાસી સપડાયો; ગાંધીનગર સિવીલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ કેસ સ્વાઈન ફ્લુનો પોઝીટીવ મળી આવતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ આ દર્દી દહેગામ તાલુકાનો વતની હોવાનું જાણવા મળેલ છે અને તેને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં રખાયો છે. જયાં તેની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીને છેલ્લા એક સપ્તાહથી સખ્ત તાવ રહેતો હતો. દહેગામમાં સારવાર બાદ પણ સારુ ન થતાં તેને ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં પ્રાથમિક તપાસમાં એચ-૧ એન-૧ હોવાની શંકા જતાં તબીબોએ તે દર્દીના નમૂના લઈ પરીક્ષણ માટે અમદાવાદ મોકલ્યા હતા.

આજે આ દર્દીના નમૂનાઓમાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું જણાતાં તેને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. તંત્રએ દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવા માટેની સૂચનાઓ જારી કરી દીધી છે.

આ દર્દી દહેગામ શહેરનો રહેવાસી હોવાનું જાણવા મળેલ છે. તે પોતાનીનોકરીના સ્થળેથી નિયમિત રીતે અપડાઉન કરે છે. મળતી વિગતો પ્રમાણે તંત્રએ આ પહેલો કેસ નોંધાયો હોવાથી પગલાં લેવામાં કોઈ કચાશ ન રહે તેના પર ધ્યાન કેન્દ્રીત કરી અને લોક જાગૃતિ અભિયાન છેડવા માટેની વ્યુહરચના તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષે ૩૭ જેટલા કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા હતા જે ઉલ્લેખનીય છે.

સર્વેલન્સ ટીમનું ચેકીંગ - લોકસભા ચૂંટણીમાં રોકડ રકમની હેરાફેરી અટકાવવા દરેક મતવિસ્તાર દીઠ સર્વેલન્સ ટીમ બનાવાઈ છે. શંકાસ્પદ વાહનોની તપાસી મોટી રોકડ રકમની હેરાફેરી નાથવા ઘનિષ્ઠ અભિયાન ચલાવાય છે... ગાંધીનગરના ચારેય પ્રવેશદ્વારો પર પોલીસ અને સર્વેલન્સ ટીમ રાત-દિવસ ખડેપગે ફરજ બજાવે છે.

ચૂંટણી કાર્યાલયો ખાલીખમ 'ચા'ની ચુસ્કીનો રંગ ફીક્કો

દિવસે આકરી ગરમી વચ્ચે હુ, તું અને રતનિયા જેવો ઘાટ કાર્યકરોની પાંખી અવરજવર ધમધમાટ જોવા મળતો નથી

ગાંધીનગર, તા. ૨૩

લોકસભાની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે. મતદાનના આડે માત્ર ૭ દિવસ બાકી રહી ગયા છે. બીજી તરફ શહેરમાં ચૂંટણી કાર્યાલયો પર હજુ સુનકાર જોવા મળી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આપના ચૂંટણી કાર્યાલય દિવસે ખાલીખમ હોય છે. દિવસની ગરમીના અંતે રાત્રિના સમયે પણ નિરસ માહોલ જોવા મળે છે. ચપટી ચવાણુ અને 'ચા'ની ચુસ્કીની લિજ્જત પણ ઉત્સાહના અભાવ વચ્ચે ફીક્કી પડી ગઈ છે.

લોકસભાની ચૂંટણીના આડે માત્ર અઠવાડીયુ જ બાકી છે. મતદાનની તારીખ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ અંતિમ તબક્કાનો પ્રચાર ઝુંબેશમાં વેગ આવી રહ્યો છે. ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા તેમજ કોંગ્રેસના કીરીટ પટેલને જીતાડવા માટે બન્ને પક્ષો મતદારોને આકર્ષવા પ્રચાર ઝુંબેશમાં વ્યસ્ત છે. જ્યારે આમ આદમી પાર્ટીએ પણ ગાંધીનગરમાં પ્રથમવાર ઉમેદવારી નોંધાવી ચૂંટણી કાર્યાલય શરૂ કર્યું છે. પરંતુ ચૂંટણી નજીકમાં હોવા છતાં ત્રણેય પક્ષોના ચૂંટણી કાર્યાલયમાં દિવસ દરમિયાન અનોખો સુનકાર જોવા મળે છે. મુલાકાતીઓ અને કાર્યકરોની ચહલપહલના અભાવે ચૂંટણી કાર્યાલયોનો અસલ મિજાજ સાવ ફીક્કો પડી ગયો છે. 'ચા ની ચુસ્કી' અને ચપટી ચવાણાની લિજ્જત માણવાનું પણ ઓસરાઈ ગયું છે. દિવસની આકરી ગરમીમાં પણ રાજકીય પક્ષોની ચૂંટણી ઓફિસો પર ખાલીપો જોવા મળે છે. કાર્યાલય સંભાળતા બે-ચાર કાર્યકરો સિવાય કોઈ જોવા મળતું નથી. ચૂંટણી કાર્યાલયોમાં કોઈ ખાસ ધમધમાટ જોવા ન મળતા હું...તું અને રતનિયા જેવી સ્થિતિ સર્જાઈ છે. રાત્રિના સમયે પણ ગપાટા મારતા કહેવાતા રાજકીય વિધેયકો પણ નજરે પડતા નથી.

આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમનું આયોજન પડતું મુકાયું

ગાંધીનગર, તા.૨૩

લોકસભાની ચુંટણીને અનુલક્ષી આગામી તા. ૨૬મેના રોજ યોજાનાર આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમનું આયોજન પડતું મુકવામાં આવ્યું છે. ઉમેદવારો તેમજ સ્થળના મામલે પ્રતિકુળ સંજોગો હોવાથી કાર્યક્રમનું આયોજન ખોરવાઈ ગયું છે.

શહેર વસાહત મહામંડળ દ્વારા સામાન્ય ચુંટણીઓ વખતે આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષીને પણ મહામંડળ દ્વારા આગામી તા. ૨૬ મેના રોજ સવારે ૯.૩૦ કલાકે આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પંરતુ આ કાર્યક્રમનું આયોજન પડતું મુકવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચના જણાવ્યા મુજબ કાર્યક્રમને અનુલક્ષી ઉમેદવારોની હાજરીના મામલે પ્રતિકુળ સંજોગો ઉભા થયા છે. આગામી તા. ૨૬મી મે વડાપ્રધાન અમદાવાદ આવવાના છે જયારે ૨૬મીએ સવારે ૧૧ થી ૪ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં પણ કોઈ ચુંટણીલક્ષી બેઠક યોજવામાં આવનાર છે. જેના પરિણામે સ્થળનો પણ પ્રશ્ન ઉદભવ્યો છે. જયારે ૨૬મી બાદ રાજકીય પક્ષોના રોડ શો અને પ્રચારની અંતિમ ઘડી હોવાથી કાર્યક્રમનું આયોજન થઈ શકે તેમ ન હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

આજે રાજ્યમાં સોનિયા અને રાજનાથસિંઘની સભાઓ

સોનિયા ગાંધીની વલસાડ, ખેરાલુમાં સભા, રાજનાથની કઠલાલ, ભરૂચ, ભૂજ, મોદી વડોદરામાં સભા સંબોધશે

અમદાવાદ, તા.૨૩

લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો માટે તા. ૩૦મી એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીનો જંગ જીતવા માટે રાજકીયપક્ષો દ્વારા થતો પ્રચાર હવે તેમની પરાકાષ્ટાએ પહોંચ્યો છે. ગુજરાતની ૨૬ બેઠકોની ચૂંટણીના પ્રચાર માટે હવે ગણતરીના માત્ર પાંચ જ દિવસ બાકી રહ્યા છે ત્યારે ખાસ કરીને ભાજપ તથા કોંગ્રેસના નેતાઓના ધાડેધાડા ગુજરાતમાં પ્રચાર માટે ઉતરી પડ્યા છે જેમાં આવતીકાલે તા. ૨૪મી એપ્રિલના રોજ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસીંગ પૂર્વ પ્રમુખ નીતિન ગડકરી, ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, નવજોતસીંગ સિધ્ધુ સહિત ટોચના સ્થાનિક નેતાઓ ગુજરાતના અનેક વિસ્તારો ખૂંદી વળશે. અને પ્રજાને તેમના ઉમેદવારને

● અનુસંધાન પાન-૭ પર

ફુડ પોઈઝનીંગની ઘટના બાદ મનપાનું તંત્ર હરકતમાં રૂ. ૪૫૦૦નો દંડ વસુલાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના ઘ-૨ વિસ્તારમાં ગઈ કાલે બનેલા ફૂડ પોઈઝનીંગના બનાવ બાદ આજે મહાનગરપાલિકાનું ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટ હરકતમાં આવ્યુ છે અને રૂ. ૪૫૦૦ જેટલો દંડ પાણીપુરી વાળાઓને ફટકારી લોક જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે.

મળતી વિગતો પ્રમાણે ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટે આજે ૧૫ જેટલી પાણી પુરીની લારીઓમાં જુદી જુદી તપાસ હાથ ધરી હતી. જેમાં ઘણી બધી વસ્તુઓ શંકાસ્પદ જણાતાં તેનો નાશ કરાવી અને દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

આરોગ્યતંત્રએ પણ આ વિસ્તારમાં ત્રાટકી અને લોક જાગૃતિ અભિયાનના ભાગરૂપે પાણીના કલોરીનેશન, સ્વચ્છતા સહિતના મુદ્દાઓ વિશે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે. કેટલાક પાણી પુરીવાળા ફેરિયાઓના નખ વધેલા જણાતા તેને કાપવા તેમજ સ્વચ્છતા જાળવવા માટેની કડક તાકીદો પણ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા માતૃશ્રી વત્સલાબેન વી. પટેલનું તા. ૨૧-૦૪-૨૦૧૪ને મંગળવારે અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું - સુંવાળા (પ્રાર્થનાસભા) તા.૨૫-૦૪-૨૦૧૪ને શુક્રવારે સવારે ૮ થી ૧૧ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

: નિવાસસ્થાન : પ્લોટનં.૧૦૬૭-૧, સેક્ટર : ૬-સી, વાવોલ રોડ, ગાંધીનગર. મો.૯૪૨૬૦૧૧૦૭૫

વિ. ભૂપણ વી. પટેલ (પુત્ર) (બેન્ક ઓફ બરોડા) ચાહના પ્રકાશ પટેલ (પુત્રી) (ચુગાન્ડા) મોરલી પટેલ (પુત્રી) (ટી.વી. કલાકાર)

નોંધ : પિયરપક્ષનું ઉઠમણું પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

નરેન્દ્ર મોદી આજે ૪ ચૂંટણી સભા સંબોધશે

ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે આવતીકાલે તા. ૨૪-૪-૧૪ને ગુરૂવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બિહારમાં ત્રણ અને ગુજરાતમાં એક એમ કુલ ચાર ભારત રત્ન સભાઓ સંબોધશે. જેમાં બિહારના સારસા ખાતે પટેલ મેદાનમાં બપોરે ૧:૩૦ કલાકે, મધુબનીના એરપોર્ટ ફિલ્ડ મેદાનમાં બપોરે ૨:૪૫ કલાકે, દરભંગાના રાજમેદાન ખાતે બપોરે ૪:૦૦ કલાકે અને ગુજરાતમાં વડદોરાના પોલો ગ્રાઉન્ડ ખાતે સાંજે ૭:૩૦ કલાકે નરેન્દ્ર મોદી જાહેરસભાઓને સંબોધન કરશે.

બેસણું

અમારા પિતાશ્રી અજયકુમાર પ્રતાપસિંહ કપુર નું તા.૨૧/૪/૨૦૧૪ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુનુ ગમ્યુ તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૨૪/૪/૨૦૧૪ ને ગુરૂવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્વ. અજયકુમાર પ્રતાપસિંહ કપુર સ્વ.તા.૨૧/૪/૨૦૧૪

સ્થળ :- ગુરૂનાનક ચોક, સિંધી કોલોની, પાલનપુર

શોકાતુર

શાંન્તીબેન - પત્નિ
મહેન્દ્ર કપુર - પુત્ર
વિરેન્દ્ર કપુર - પુત્ર
પ્રવિણ કપુર - પુત્ર
શિતલ એમ.દુઆ - પુત્રી
મનોજકુમાર વી. દુઆ -જમાઈ
હરદિપસિંગ વી. કપુર - પૌત્ર

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૬-૪-૧૪, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ઈન્દ્રોડા વિલેજ ઓવરહેડ
૨. એસેન ફેબ્રિકેટર

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com